ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૦૧/૨૩-૨૪/ 1047 તારીખ : 26 JUN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભાવેશકુમાર હીરાભાઈ સોલંકી,**
**મું. ડમાસા,**
**તા.ઉના,**
**જી.ગીર સોમનાથ,**

કેસ નં.૦૧/૨૩-૨૪

**મો.નં-૭૦૧૬૦ ૩૪૬૦૦/૯૯૦૪૫ ૪૩૭૩૭**

**વિષય : અમોને આપેલ સ્લોનેસના બિલમાં સુધારો કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૩-૨૪/૭૦૮ તા.૦૧/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૩-૨૪/૮૪૩ તા.૦૨/૦૫/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૩-૨૪/૯૦૫ તા.૧૨/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૫/૨૦૨૩** અને **તા.૧૯/૦૫/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૧, **ઉના.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૧/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી ભાવેશકુમાર હીરાભાઈ સોલંકી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખ:– તા.૧૯/૦૫/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી કચરા આવેશભાઈ શબ્બીરભાઈ (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી જે.સી.રૈયાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભાવેશકુમાર હીરાભાઈ સોલંકી, મું.ડમાસા, તા.ઉના, જી.ગીર સોમનાથની અમોને આપેલ સ્લોનેસના બિલમાં સુધારો કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૩–૨૪/૭૦૮ તા.૦૧/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૦૫/૨૦૨૩ તથા તા.૧૯/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી **તા.૧૧/૦૫/૨૦૨૩** ના રોજ હાજર રહેલ નહિ. **તથા તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ** શ્રી ભાવેશકુમાર હીરાભાઈ સોલંકી વતી તેમના પ્રતિનિધિ શ્રી કચરા આવેશભાઈ શબ્બીરભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે.સી.રૈયાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી ભાવેશભાઈ હીરાભાઈ સોલંકી, રહે.ડમાસા, તા.ઉના, જી.ગીર સોમનાથ ની મળેલ રજૂઆત મુજબ વાદીશ્રી ડમાસા ગામ ગ્રાહકનં–૮૪૫૦૮/૦૦૬૨૭/૨થી ભાવેશભાઈ હીરાભાઈ સોલંકીના નામે ૪૫ કિ.વો. નું અત્રેની કચેરીના તાબા હેઠળ આવેલ ઉના–૧ પેટા વિભાગીય કચેરીમાં પથ્થરની ખાણનું (LTMD) વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ વાદીશ્રી ની રજૂઆત મુજબ સદર વિજ જોડાણની તા.૦૯/૧૧/૨૦૨૨ તપાસણી થયેલ. જેમાં, સદર વિજ જોડાણનું ૩૩.૬૦% ધીમું જણાયેલ હતું. જે અનુસંધાને સદર વાદીશ્રી ને ૧,૫૪,૯૯૧/૬૫ નું પૂરવણી બિલ અત્રેની પેટા કચેરી દ્વારા અપાયેલ તેમને સદર પુરવણી બિલ પોણા બે વર્ષનું અપાયેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વધુમાં, વાદીશ્રીની રજૂઆત તેમજ માનવા મુજબ તેમને મળેલ સદર પુરવણી બિલ કુલ ૬(છ) માસનું જ આપવું જોઈએ. પરંતુ, અત્રેના તાબા હેઠળની પેટા કચેરી દ્વારા કોઈ ભૂલને કારણે આ બિલ પોણા બે વર્ષનું અપાયેલ છે.

૧.૪ જેથી, વાદીશ્રીની અંતિમ રજૂઆત મુજબ જો વાદીશ્રીને આપવામાં આવેલ સદર પુરવણી બિલમાં સુધારો કરી તેમને નવું બિલ આપવું. જેથી, તેઓશ્રી તાત્કાલીક સદર બિલ ભરપાઈ કરી આપે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઉપરોક્ત વાદીશ્રીની ફરીયાદના અનુસંધાને જણાવવાનું કે, વાદીશ્રીને અત્રેની કચેરીના તાબા હેઠળ આવતી ઉના –૧ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ તેમના વિજ જોડાણનું તપાસ કરતા ચેકીગ શીટ નં – ૪૩૬૩૩ મુજબ સદર પથ્થરની ખાણ કનેકશન નું મીટર ૩૩.૬ % ધીમું આવેલ હોય, જેથી તે મીટર નું લેબ પરીક્ષણ કરવા માટે ઉના–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભ પત્ર નં–૩ થી તા.૧૨/૧૧/૨૦૨૨ થી વાદીશ્રીને તા.૧૪/૧૧/૨૦૨૨ ના લેબ પરીક્ષણ કામ માટે (રૂબરૂ) હાજર રહેવા અંગેની નોટીસથી જાણ કરેલ હતી.

૨.૨ સદર નોટીસ મળ્યે વાદીશ્રીના પ્રતિનિધિ શ્રી યાસીનભાઈ યુસુફભાઈ સોરઠીયા તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ સદર મીટરના લેબ પરીક્ષણ હાજર રહેલ. જેમાં, વાદીશ્રીના કનેકશનના MRI લેતાં, YPT (P3) ની CT તા.૧૨/૦૧/૨૦૨૧ થી ઓપન જોવા મળેલ હતી. જેથી,વાદીશ્રી ભાવેશભાઈ હીરાભાઈ સોલંકીને ઉના–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભ પત્ર–૪ થી તા.૧૭/૧૧/૨૦૨૨ ના રોજ રૂ.૧,૫૪,૯૯૧/૬૫ નું પુરવણી બિલ કંપનીના નિયમ મુજબ આપવામાં આવેલ હતું.

૨.૩ ત્યારબાદ, વાદીશ્રી ભાવેશભાઈ હીરાભાઈ સોલંકી દ્વારા તે બિલ ૬(છ) માસનું જ આપવું જોઈએ તેવી અરજી તા.૦૨/૦૨/૨૦૨૩ થી અત્રેના તાબા હેઠળની નાયબ ઈજનેરશ્રી ઉના–૧ પેટા વિભાગીય કચેરીને કરેલ હતી.

૨.૪ જેના અનુસંધાને વાદીને અત્રેના તાબા હેઠળની ઉના–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભ પત્ર નં–૫ તા.૧૪/૦૨/૨૦૨૩ થી તેમના આપવામાં આવેલ પુરવણી બિલ MRI રીપોર્ટ મુજબ કંપનીના નિયમ મુજબ જ છે. તેવું અત્રેની ઉના–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા જણાવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ તેમજ અત્રેની ઉના–૧ પેટા વિભાગીય કચેરીના સંદર્ભ પત્ર નં–૬ થી તા.૦૬/૦૫/૨૦૨૩ મળેલ પત્ર મુજબ વાદી શ્રી દ્વારા સદર પુરવણી બિલની બાકી રકમ રૂા.૧,૫૪,૯૯૧/૬૪ વાંધા અરજી સાથે ભરપાઈ કરી આપેલ છે.

૨.૬ આમ, ઉપરોક્ત વાદીશ્રીને મળેલ પુરવણી બિલ લેબ નિર્ણય મુજબ તેમજ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ આપવામાં આવેલ છે જે વાદીશ્રીએ વાંધા અરજી સાથે ભરપાઈ કરી આપેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ભાવેશભાઈ હીરાભાઈ સોલંકી, રહે.ડમાસા, તા.ઉના, જી.ગીર સોમનાથ, ડમાસા ગામ ખાતે ગ્રાહક નં–૮૪૫૦૮/૦૦૬૨૭/૨ થી ૪૫ કિ.વો.નું LTMD કનેકશન ધરાવે છે. તથા પ્રતિવાદી પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી ઉના–૧ દ્વારા તેમને વિજ જોડાણ ચેકીગ કે આપવામાં આવેલ સ્લોનેસ નું બિલ રૂ.૧,૫૪,૯૯૧/૬૫ સામે વિવાદ ઉભો થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીને ધ્યાને લઈ ફોરમ દ્વારા રૂબરૂ સુનાવણી પ્રથમ તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, વાદી હાજર રહેલ નહી. ત્યારબાદ, તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ સુનાવણીમાં વાદીના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેલ. પ્રતિવાદીના પ્રતિનિધિ બંને સુનાવણીમાં હાજર રહેલ.

૩.૩ પ્રસ્તુત કેસમાં વાદીના LTMD વીજ કનેકશન તા.૧૨.૦૧.૨૦૨૧ ના રોજ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ, પ્રતિવાદી દ્વારા તા.૦૯.૧૧.૨૦૨૨ ના રોજ વાદીનું વીજ જોડાણ ચેકીંગ કરી લેબ પરીક્ષણમાં મોકલતાં વાદીની હાજરીમાં તા.૧૪.૧૧.૨૦૨૨ ના રોજ લેબ પરીક્ષણ કરેલ તેમજ MRI રીપોર્ટ લેતા YPT(P3) ની LT તા. ૧૨.૦૧.૨૦૨૧ થી ઓપન જોવા મળેલ હતી. આથી, પ્રતિવાદીની કચેરી દ્વારા મીટર ૩૩.૬% ધીમું ફરતું હોય, વિગતને આધારે સ્લોનેસનું પુરવણી બીલ રૂા.૧,૫૪,૯૯૧/૬૫ બનાવી વાદીને તા.૧૭.૧૧.૨૦૨૨ ના પત્રથી જાણ કરેલ.

૩.૪ આજરોજ તા.૧૯/૦૫/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં વાદીએ ફોરમને જણાવેલ છે કે, તેઓ પથ્થરની ખાણ અંગે નું કનેકશન ધરાવે છે. તથા જો પ્રતિવાદીની કચેરી દ્વારા નિયમિત અંતરે વિજ જોડાણ ચેક કરવામાં આવ્યું હોત તો, મીટરને ડીફેકટ અંગે વહેલી ખબર પડી જાત અને મોટું બિલ આવ્યું ન હોત, પ્રતિવાદી દ્વારા વાદીની સદર રજૂઆત અંગે હકારાત્મક પ્રતિભાવ ન મળતા, તેઓ દ્વારા પુરવણી બિલની પૂરી રકમ પણ ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, તેઓને નિયમોનુસાર ૬ માસનું બિલ જ મળવું જોઈએ તેમ રજૂઆત કરેલ છે.

૩.૫ આ તબકકે પ્રતિવાદીના પ્રતિનિધિ દ્વારા પણ વાદીના સદર કનેકશનનું ચેકીંગ GERC ના નોર્મ્સ મુજબ થયું ન હોવાની વાતનું સમર્થન આપેલ છે. તથા વાદી દ્વારા બિલની સંપૂર્ણ રકમ ભરપાઈ કરી આપવામાં આવેલ છે, તેમ જણાવેલ છે.

૩.૬ ઉપરોક્ત કિસ્સામાં ફોરમના ધ્યાને એ ગંભીર બાબત જણાયેલ છે કે આ વીજ જોડાણમાં જે તારીખે રીલીઝ કરેલ તે તારીખ એટલે કે તા. ૧૨.૦૧.૨૦૨૧ થી સ્લો નેસ માલુમ પડેલ છે. જે ઉપરથી ફલિત થાય છે કે જોડાણ ચાલુ કરતી વખતે જરૂરી ચકાસણી કરવામાં ખામી રહેલ છે. તદુપરાંત જોડાણ ચાલુ કર્યા બાદ સમયાંતરે જે ચકાસણી કરવાની હોય છે તે પણ આ કીસ્સા માં થયેલ નથી. જો તેમ થયું હોત તો આ પ્રકાર નો કિસ્સો નિવારી શકાયો હોત. આમ વાદીને આશરે પોણા બે વરસનું સ્લો નેસ નું બીલ આપેલ છે તે અયોગ્ય જણાય છે.

૩.૭ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ રૂા.૧,૫૪,૯૯૧/૬૫ નું સ્લોનેસનું બિલ રદ કરવું અને સપ્લાય કોડ નં. ૪/૨૦૦૫ ના કલોઝ **નં–૬.૩૩** મુજબ ડીફેકટ થયાની તારીખ એટલે કે, તા.૧૨/૦૧/૨૦૨૧ થી છ માસ સુધીના સમયની સ્લોનેસ ની રકમનું બિલ વાદીને આપવું. જે વાદીએ ભરવાપાત્ર છે. તેમજ વાદી દ્વારા પુરવણી બીલની સંપૂર્ણ રકમ જમા કરેલ હોઈ, છ માસના બીલ ની રકમ બાદ કરતાં, વધતી તફાવતની રકમ તાત્કાલીક વાદીના ખાતામાં જમા આપવી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આ તબકકે પ્રતિવાદીના સંબધિત નાયબ ઈજનેરની સામે GERC ની માર્ગદર્શીકા મુજબ કાર્યવાહી ન કરી, કંપનીને નુકશાન કરવા બદલ તેમજ ગ્રાહકને અગવડતા ઉભી કરવા, કંપનીના નિયમ અનુસાર સખ્ત પગલાં લઈ ફોરમને દિવસ ૧૦ માં રીપોર્ટ કરવા હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– **૧૯/૦૫/૨૦૨૩.**